


## સલામી સવારની..

*'અસહિષ્ણુતા'નો તણખો મોટી આગ લગાડશે,*
*કટ્ટરોમાં દુશ્મની, બૌદ્ધિકોમાં ચિંતા જગાડશે,*
*ભગાડશે, સુખ-શાંતિ, સંપને ભીનો ભાઈચારો -*
*વિશ્વમાં આપણી 'પંચશીલ'ની છાપ બગાડશે...*

હાઈકુ

*કૂદી પડે છે*
*કોમવાદી આગમાં -*
*પરવનાઓ...*
*(પ્રચાર-ખ્યાતિનો ખેલ?)*

*હાર્યા ખેલાડી*
*રમે રાજ-રમત*
*લઈ લે દાવ...*
*(કોમી સંઘર્ષ મુદ્દો)*

## ચિંતન

**વિદ્વાન પ્રશસ્યતે લોકે વિદ્વાન ગચ્છતિ ગૌરવમ્ । વિદ્યા લભતે સર્વ વિદ્યા સર્વત્ર પૂજ્યતે ॥**

'આ સંસારમાં વિદ્યાની સર્વત્ર પ્રશસ્તિ માન-સન્માન થાય છે. પ્રશંસા થાય છે, વિદ્વાનને સાદર માન-સન્માન સાથે આદર અને ગૌરવ પ્રાપ્ત થાય છે. વિદ્યા દ્વારા ભૌતિક-આધ્યાત્મિક બધી જ સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે, વિદ્યા અને વિદ્વાન સર્વત્ર પૂજાય છે.'

આજકાલના શિક્ષિત પરિવારો શિક્ષણનું મહત્ત્વ સમજે છે. બાળકોને 'ટકા' લાવવા, પ્રવેશ મેળવવા અને જીવનમાં 'કમાણી' હેતુ માટે શું શું નથી કરતાં?

પરંતુ, ભારતમાં હજુ મોટો સમુદાય અજ્ઞાન અને અશિક્ષિત છે તેથી બેકારી-ગરીબી સાથે ગંદકી-અસ્વચ્છતાને કારણે રોગો-વ્યસન પણ વ્યાપ્ત છે. વિદ્યાવાન-નિષ્ણાતો આપણા પર સંસાર-સમાજ પર આધિપત્ય ભોગવે છે; મને અભણ-ગરીબ સદાય દબાયેલા રહી અને અન્યાય ભોગવે છે. વિદ્યાનું મહત્ત્વ સમજી 'સાક્ષરતા'નો પ્રચાર-પ્રસાર કરવો જરુરી છે.

## સુવિચાર

- સફળતા એટલે જે ગમે તે મળે, સુખ એટલે જે મળે તે ગમે - **ભાણદેવ**
- પ્રયત્નો અને હિમ્મત પૂરતાં નથી સાથે સાથે કારણ અને દિશા પણ મહત્ત્વના છે - **જહોન એફ. કેનેડી**
- વિચારોનું સૌંદર્ય આકૃતિના સૌંદર્ય કરતાં વધારે જાદુઈ અસર ઉપજાવે છે - **શ્રી અરવિંદ**
- સરળ સીધી જીંદગી ન પ્રાર્થો... પણ મજબૂત માણસ બનવા પ્રાર્થના કરો - **જનકલ્યાણ**
- લડાઈમાં હાર એ માબાપ વગરની છે, પણ જીતમાં તેના હજારો પિતા છે - **વિન્સ્ટન ચર્ચીલ**
- જેમ જેમ મારા જ્ઞાનમાં વધારો થાય છે તેમ તેમ મારી અજ્ઞાનતા મારી સામે આવતી જાય છે - **ગોર્બાચોવ**
- દુઃખી સુખની ઈચ્છા કરે છે, સુખી વધુ સુખની ઈચ્છા કરે છે, વાસ્તવમાં દુઃખના પ્રતિ ઉપેક્ષાભાવ રાખવો તે જ સાચું સુખ છે - **એસ. ભટ્ટાચાર્ય**

**(સંકલન : દીપક વી. આસરા)**

## બોધકથા

તુલસીદાસજીએ એક ચોપાઈમાં કહ્યું છે, 'જે શિષ્યનું ધન હરે પણ પીડા-દુઃખો ન હરે તે ગુરુ નથી.'

ગુરુના માથે શિષ્યને મોક્ષ કરાવવાની જવાબદારી હોય છે. પિતાની જેમ શિષ્યના આચરણ-ચારિત્ર્યનું ધ્યાન રાખવું પડે છે.

એક યુવાન, સત્ય-નિષ્ઠ, સમાજ સેવાભાવી યુવાન એક સદ્‌ગુરુ પાસે દિક્ષા લેવા આવ્યો અને કહ્યું હું આત્મકલ્યાણ - મોક્ષની ઈચ્છા રાખુ છું મને આપ ગુરુ-મંત્ર આપો.

ગુરુજીએ તેની ક્ષમતા અને યોગ્યતાની થોડો સમય કસોટી કરી, સુપાત્ર જણાતાં તેને દિક્ષા આપી. મોક્ષ અપાવે એવો 'ગુરુમંત્ર' કાનમાં આપ્યો અને કહ્યુ, આ મંત્ર 'ગુપ્ત' રાખજે. કોઈને કહીશ નહીં. તારો જરુર મોક્ષ થશે.

શિષ્યએ પુછ્યું, 'જો હું કોઈને કહી દઉં તો શું થાય?'

ગુરુ કહે - સાંભળનારનો તો મોક્ષ થાય પણ તારો નાશ થાય - ફરી જન્મ લેવો પડે.'

શિષ્યએ કોઈ સત્સંગ સભામાં ગુરુમંત્ર જાહેર કરી સૌને શિષ્યત્વપણું આપી દીધું.

શિષ્યોએ ગુરુજીને આ વાત કરી, તેને શિક્ષા કરવા કહ્યું, ગુરુ કહે એને શિક્ષા ન થાય, ખુદ ગુરુ છે.


# બિહારમાં દારૂબંધીનો 'સરકારી' સંકલ્પ

## તંત્રીસ્થાનેથી....

ગુજરાતમાં દારૂબંધીનો કાયદો ફક્ત કાગળ ઉપર છે, અને જેને જે બ્રાન્ડનો દારૂ જોઈતો હોય એને ઘેર બેઠાં મળી રહે છે - એવી કઠોર વાસ્તવિકતા જાણ્યા પછી પણ બિહારમાં વિજયની હેટ્રિક લગાવનારા મહત્ત્વાકાંક્ષી મુખ્યમંત્રી આગામી નાણાંકીય વર્ષથી દારૂબંધીનો અમલ કરવા માગે છે. આ સમાચાર કેટલાકને હાસ્યાસ્પદ પણ લાગી શકે. કારણ કે જે દિવસથી બિહારમાં દારૂબંધીનો અમલ શરૂ થવાનો છે તે પહેલી એપ્રિલે દુનિયાભરમાં લોકો એકબીજાને 'એપ્રિલ ફૂલ' બનાવતા હોય છે. જો કે નીતીશકુમાર ગંભીર પ્રકૃતિના નેતા છે અને દારૂબંધીનો કાયદો દાખલ કરવાનો એમનો સંકલ્પ ચૂંટણી પ્રચાર દરમિયાન એક મહિલાએ ઉઠાવેલ સવાલના જવાબ રુપે સાકાર થઈ રહ્યો છે. દારૂની છૂટ હોવાથી પુરુષવર્ગ - સવિશેષ નીચલા મધ્યમવર્ગ અને નીચલા વર્ગના પુરુષો આવકનો મોટો ભાગ દારૂ પાછળ વેડફી નાખતા હોવાની વાતમાં તથ્ય પણ છે. વળી દારૂના દૈત્યનો પ્રવેશ થતાં જ ઘર ઘર નહીં રહેતાં નરક બની જતું હોય છે. ચૂંટણીપ્રચાર દરમિયાન બિહારની ગ્રામીણ મહિલાઓને આ રજૂઆત કરવા જેવી લાગી, તે જ સૂચવે છે કે દારૂડિયા પુરુષોને કારણે ગૃહિણીઓ અને આખો પરિવાર કેટલી મુશ્કેલીમાં મુકાતાં હશે. આદર્શવાદી નીતીશકુમાર ગુજરાતમાં નિષ્ફળ ગયેલી દારૂબંધીની હકીકતથી વાકેફ છે. તેઓ એ પણ જાણે છે કે ગુજરાતની જેમ બિહારને મોટી આબકારી આવક જતી કરવી પડશે એથી નાણાકીય સ્થિતિ કથળશે. પરંતુ ચૂંટણી પ્રચારના માહોલમાં મોદીના 'ગુજરાત મોડલ'ની બોલબાલા હતી. એનો કોઈ નક્કર જવાબ મુખ્યમંત્રી પાસે ન હતો. ગુજરાતમાં દારૂબંધી ભલે નિષ્ફળ ગઈ હોય, પરંતુ કાયદાની બીકને લીધે પીનારાઓ છુપાઈ-સંતાઈને પીએ છે. વળી અડધી રાતે પણ અહીં સ્ત્રીઓ એકલી જાહેર રસ્તાઓ પર નીકળી શકે છે. દિલ્હી કે પટણામાં એ શક્ય નથી. રાતના નવ વાગ્યા પછીનું વાતાવરણ જ એવું બિહામણું હોય છે કે કોઈ મહિલા ઘર બહાર નીકળવાનું પસંદ ન કરે. ગુજરાતમાં સામાજિક શાંતિનું વાતાવરણ પ્રવર્તતું હોવાથી બહારના ઉદ્યોગ-ધંધાદારીઓ પણ નાણાંકીય રોકાણ કરવા ઉત્સુક રહે છે. સમગ્રપણે ગુજરાતમાં ખૂનામરકી, બળાત્કાર અને ચોરી-લૂંટફાટનું પ્રમાણ ઉત્તરપ્રદેશ કે બિહાર જેવા રાજયોની સરખામણીમાં ઘણું ઓછું હોઈ સ્વાભાવિક રીતે જ બિહારની મહિલાઓને ગુજરાતની જેમ બિહારમાં પણ દારૂબંધી દાખલ કરાવવાની અપીલ કરવાનું મન થયું હશે. હવે જયારે નીતીશે ચૂંટણી દરમિયાન દારૂબંધી દાખલ કરવાનું વચન આપી જ દીધું હતું ત્યારે એ પાળ્યા સિવાય છૂટકો પણ નહોતો. જો કે બિહારમાં કેન્દ્રીય મંત્રી ગિરિરાજસિંહને નીતીશકુમાર આવો કાયદો લાવી શકશે કે કેમ એ મુદ્દે શંકા છે, કારણ કે નીતીશ સરકારનો દોરીસંચાર તો લાલુપ્રસાદ યાદવ પાસે છે! અગાઉ હરિયાણા, આંધ્રપ્રદેશ, મિઝોરમ, અને તમિલનાડુ જેવા રાજયોમાં દારૂબંધી દાખલ કરવાનો પ્રયોગ નિષ્ફળ જતાં એનો અમલ ઉઠાવી લેવો પડ્યો હતો. આશા રાખીએ કે નીતીશના બિહારને એવી હાસ્યાસ્પદ પરિસ્થિતિમાં ન મુકાવું પડે.

# વૈશ્વિક શાંતિ અર્થે ગાંધીજીના સહિષ્ણુ વિચારો

## ગાંધીજીએ આજથી ૭૦ વર્ષ પહેલા 'યુનો'ના પ્રારંભના આગલા દિવસે પત્રકાર સમક્ષ વ્યક્ત કરેલા વિચારો




આજકાલ અખબારોમાં પ્રથમ પાનાઓ પર શિર્ષસ્થ ઘટનાઓ તરીકે સ્થાન પામતા આંતરરાષ્ટ્રીય કક્ષાના ત્રાસવાદ અને દેશમાં સહિષ્ણુતા અને અસહિષ્ણુતાના વર્તમાન માહોલમાં એકંદરે વૈશ્વિક શાંતિ અર્થે ગાંધીના વિચારો જાણવા જેવા છે. આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત 'કૉલીયર્સ વિકલી'ના પત્રકાર શ્રીયુત રાલ્ફ કોનિષ્ટને એક ખાનગી મુલાકાતમાં મો.ક. ગાંધીએ તેમના વિચારો વ્યક્ત કર્યા હતા. આ મુલાકાતનો દિવસ તા. ૨૫ એપ્રિલ, ૧૯૪૫ પહેલાનો હતો.

લેખમાં તારીખનો ઉલ્લેખ કરવા પાછળનો આશય એવો છે કે તા. ૨૫ એપ્રિલ, ૧૯૪૫ના રોજ સાન ફ્રાંસિસ્કો ખાતે વૈશ્વિક પરિષદ બોલાવવામાં આવી હતી. આ સાન ફ્રાંસિસ્કો પરિષદે આગળ જતા સંયુક્ત રાષ્ટ્રસંઘનો પ્રારંભ થયો હતો. આ પરિષદ મળી એના એક દિવસ પહેલાં ગાંધીજીએ એવી ભીતિ વ્યક્ત કરી હતી કે - 'વિશ્વ સલામતીનું શાંતિનું જે માળખું ઊભું કરવા ધાર્યું છે તેની પાછળ અવિશ્વાસ અને ભય રહેલોછે, જે યુદ્ધને જન્મ આપે છે. તેમણે મિત્ર રાજયોને યુદ્ધની અને તેની સાથે સંકળાયેલા ભયંકર છળકપટ અને દગાફટકાની કાર્ય સાધકતા ઉપરનો વિશ્વાસ છોડી દેવાની અને બધી જાતિઓ અને રાષ્ટ્રોની સ્વતંત્રતા અને સમાનતાના પાયા પર ઉભેલી સાચી શાંતિ સ્થાપવાની હિમાયત કરી હતી.'

વણિકમાંથી વૈશ્વિક બનેલા મહાત્મા ગાંધીના આ નિવેદનમાં દેશ આઝાદ થાય ત્યારે સમાનતા સર્વવ્યાપી એવો વિચાર તો છે જ પણ આ વિચાર માત્ર પોતાના દેશને નહીં દુનિયાના તમામ દેશોમાં પણ સ્વીકાર્ય બને અને કાળા-ગોરાને તાંબા વરણી પ્રજાઓ એક નાગરિક જીવન પૂરી સ્વતંત્રતા અને સમાનતાથી જીવે એમ વ્યક્ત થાય છે.

ગાંધીજીએ સાન ફ્રાંસિસ્કો ખાતેની પરિષદના સંદર્ભમાં જાહેર નિવેદન કર્યું તે આધારે જ પત્રકાર કૉનિસ્ટે મુલાકાત કરી હશે એમ માનવાને કારણ છે. કારણ કે તેમનો પહેલો જ સવાલ ગાંધીજીને એવો હતો કે 'ધરી સત્તાઓના પરાજયમાંથી કાયમી સુલેહ શાંતિની શક્યતા ઉદ્‌ભવશે એ વિષે આપ શંકા શાને સેવો છો?'

ગાંધીજીએ આ પહેલા જ પ્રશ્ન સ્પષ્ટ ઉત્તર વાળતાં કહ્યું કે, 'હિંસાનો મોડો વહેલો અંત આવવાનો જ છે. પણ એ રીતે થાકીને હિંસા ખતમ થાય, એમાંથી શાંતિ ન ઉદ્‌ભવી શકે. દુનિયા પાછી શાણપણને રસ્તે વળે તે સિવાય, હિંસક પ્રજાઓ ધરતીના પડ પરથી ભૂંસાઈ જશે, એ ખચીત માનજો... જેમને પોતાના હાથ લોહીથી સારી રીતે ખરડ્યા છે. એવા લોકો જગતમાં અહિંસક વ્યવસ્થા નિર્માણ નહીં કરી શકે.' અમેરિકા ઈંગ્લેન્ડ અને અન્ય મિત્ર દેશો દ્વારા 'સંયુક્ત રાષ્ટ્ર સંઘ'ની સ્થાપના કરવાના પ્રયાસો સામે મહાત્માએ આ વાત કરી હતી.

મુલાકાત લેનાર પત્રકારે પ્રતિપ્રશ્નમાં એવી ભૂમિકા સાથે તર્ક રજૂ કર્યો કે મોટી સત્તાઓના પ્રતિનિધિઓ તો જેવા ને તેવા જ રહ્યા છે (વિશ્વયુદ્ધ પછી પણ તેમનામાં કોઈ ફરક નથી પડ્યો) એ ખરું પરંતુ યુદ્ધની ભીષણતાનો અનુભવ કર્યા પછી, જનસમુદાય પોતપોતાની સરકારોને ફરજ પાડશે.

પત્રકારશ્રી એવો મત વ્યક્ત કર્યો કે યુરોપિયન દેશોના સત્તાધીશો યુદ્ધમાંથી કશું શીખ્યા નથી પણ યુરોપિયન પ્રજા તેમની સરકારોને ફરજ પાડશે. ગાંધીજી તેમની સાથે સંમત થયા નહીં તેમણે કહ્યું, 'યુરોપિયનોના માનસને હું બરાબર પિછાણું છું. તાત્ત્વિક ન્યાય અને સ્વાર્થ એ બે વચ્ચે પસંદગી કરવાની આવે ત્યારે તેઓ બીજી વસ્તુને (સ્વાર્થને) ઝડપી લેશો. અમેરિકાની પ્રજા સ્વતંત્ર પણે ઝાઝો વિચાર કરતી નથી. તેઓ રૂઝવેલ્ટને અનુસરશે. કારણ તે બજાર પુરું પાડે છે. નાણાં ધીરે છે. અને તેમને માટે આવું બીજું ઘણુંબધું કરે છે. આજે ૨૧મી સદી તો આખી બજાર ઉપર અવલંબે છે. પણ ગાંધીએ તો આ વાત છેક ૭૦ વર્ષ પહેલાં એલ.પી.જી. ના આજના બહુ ગાઈ વગાડવામાં આવતા કન્સેપ્ટ પહેલા કરી હતી.' (એલ.પી.જી : લિબરલાઈઝેશન, પ્રાઈવેટાઈઝેશન, ગ્લોબલાઈઝેશન)

અમેરિકી પ્રજા રૂઝવેલ્ટને જ અનુસરશે તેમ ઈંગ્લેન્ડ ચર્ચીલને વળગી રહેશે. ચર્ચી એવું કહેશે કે 'તમારા માટે મેં સામ્રાજય અકબંધ રાખ્યું છે. તથા પરદેશી બજારો ટકાવી રાખ્યા છે. પ્રજા હંમેશની જેમ તેને અનુસરશે. પત્રકારના અન્ય તિક્ષ્ણ સવાલના જવાબરુપે ગાંધીએ કહ્યું કે યુરોપ અને અમેરિકામાં સામાન્ય માણસ કે જેને ખાતર યુદ્ધ લડવાનો દાવો કરવામાં આવે છે તે ઉમદા આદર્શો માટે વૈશ્વિક સ્તરે સારી વ્યવસ્થા ઘડવામાં ઝાઝી પરવા કરતો નથી. ગાંધી આ પ્રત્યુત્તર સાથે યુરોપિયનોની સરખામણીએ ભારતીય પ્રજા ઉમદા આદર્શો માટે પ્રયત્નશીલ પરવા કરે તેવી સહિષ્ણુ છે એમ નહીં બોલીને પણ સમજાવે છે.'

વૈશ્વિક શાંતિ અર્થે પાંચ અથવા ત્રણ મહાસત્તાઓ સુલેહની ખોળાધરી આપી શકે એમ

**અનુસંધાન પાના નં. ૭ પર**

# જે મા-બાપ પોતાના સંતાનોને વારસામાં માત્ર ધન આપે છે, તેમના જેટલા ગરીબ દુનિયામાં બીજા કોઈ નથી




*ગૈરો પે કરમ*
*અપનો પે સિતમ*
*અય જાને વફા*
*યે જૂલ્મ ન કર.*

મા-બાપોનો સર્વે કરીએ તો જણાશે કે તેમના દુઃખનું કારણ મોટે ભાગે તેમના સંતાનો પોતે જ છે. તમને કોઈ દુઃખી કરી શકે તો એ તમારું પોતાનું જ. અન્યો તમને દુઃખ પહોંચાડી ન શકે. અન્યે આપેલો ઘા વિસરી જવાય. પોતાનાએ આપેલ પીડા અસહય બને. પોતાના અંગત વ્યકિતઓમાં દુઃખ પહોંચાડવાની જે તાકાત છે તે બીજાઓ માં નથી હોતી.

સગવડ એ સંસ્કાર નથી. સગવડ આપવાથી સંસ્કાર મળી જતા નથી. આજે મા-બાપ સગવડ આપીને સંતોષ માને છે. સંતાનોને સગવડ આપી એટલે બધુ આવી ગયું, તેમને અગવડ ન પડે તેનું ધ્યાન રાખવું મા-બાપનું એક માત્ર કર્તવ્ય બન્યું છે. સંતાનોને તકલીફ ન પડે તેની લ્હાયમાંમા-બાપ અડધા થઈ જાય છે. "અમે જે તકલીફ વેઠી છે એ તકલીફ અમારા સંતાનો ન વેઠે." તે માટેની વિશેષ કાળજીમા-બાપ લેતા હોય છે. પોતાના બાળકને થોડીક ગરમી થાય તો એ.સી. નખાવનારા અને થોડુંક ચાલવું પડે તો બાઈક અપાવનારા મા-બાપનો તોટો નથી. બાળકોને તકલીફ વગરનું જીવન આપવું,સંપૂર્ણ સગવડ યુકત જીવન આપવું, મા-બાપનુંએકમાત્ર લક્ષ્ય બની ગયું છે. પોતે તકલીફ વેઠીને ઘડાયા છે, દુઃખથી તેમનો આજની સફળતાનો પીંડ બંધાયો છે એ વાત તેઓ ભૂલી જાય છે. "બસ, અમારાં બાળકોને વધુમાં વધુ સગવડ આપીને તેમનું જીવન સંકટમુકત કરી દેવું છે." જેવી એક માત્ર નેમ મા-બાપ સેવી રહયા છે. પોતે ભલે સાઈકલ પર ફર્યા હોય દીકરા માટે નવી કાર લાવી દે, પોતે થીંગડા વાળુ પેન્ટ પહેર્યુ હોય સંતાનો માટે મોંઘા બ્રાન્ડેડ કપડાં ખરીદતા અચકાતા નથી. પોતાની દીકરી માટે મા મોંઘામાં મોંઘો ડ્રેસ ખરીદી આપે છે. માએ પોતે ખાદીના થીંગડાવાળા સાડલા પહેર્યા હોય તેનું તો વર્ણન જ ન થઈ શકે. ટૂંકમાં, દુનિયાનું હોય એટલું બધુ સુખ, હોય એટલી ફેશન અને ઉપલબ્ધ હોય તેવી તમામ સગવડ પોતાના સંતાનોને આજના મા-બાપ આપવા ઈચ્છતા હોય છે.

સગવડ અને સુખ મેળવેલ સંતાનો જયારે અસલ દુનિયામાં પગરણ માંડે છે ત્યારે ડગલેને પગલે સતત સંઘર્ષ કરવો પડે છે. સગવડતા અને અગવડતા સુખ અને દુઃખના દ્વંદ્વમાં સપડાતા હોય છે. ત્યારે ખરી દુનિયાનો અહેસાસ થાય છે. મૂર્છાવસ્થામાંથી બહાર નિકળીને મૂળ દૂનિયાના દર્શન કરે છે.

આજ સંતાનો જયારે મા-બાપનું મૂલ્ય ઓછું આંકે છે અને તેમની વાત અને વિચારોના ભાજીમૂળા કરી નાખે છે ત્યારે મા-બાપને ચોધાર આંસુએ રડવાનો વારો આવે છે.

સાચી વાત સમજાય છે કે અમે સંતાનોને સગવડ આપી પણ સંસ્કાર આપવાનું ચૂકી ગયા!

સગવડ આપવાના અતિરેકમાં સંસ્કાર આપવાની વાત વીસરાઈ ગઈ. અમે એ ભૂલી ગયા કે જીવનની સાચી મૂડી સંસ્કાર છે. જે મા-બાપ પોતાના સંતાનોને વારસામાં માત્ર ધન આપે છે. તેમના જેટલા ગરીબ દુનિયામાં બીજા કોઈ નથી.

સંસ્કાર એ સમગ્ર જીવનનો પાયો છે. ધન અને સગવડ એ જીવન માટે છે. પરંતુ સંસ્કાર એ જીવન છે. સંસ્કારથી જીવન શણગાર બને. સંસ્કાર સિવાયની તમામ બાબતો પોકળ હોય.

પોતાના સંતાનોને સંસ્કાર આપવાનું ચૂકી જનાર મા-બાપ ઘરડાઘરનાં મહેમાન બને છે. સુખ અને સગવડ એ સંસ્કાર નથી. સંસ્કાર વિહિન સંતાનો તેમના ઉધ્ધત વર્તનથી પરખાઈ જાય છે.સંસ્કારી બાળકો સમાજ પર અમીટ છાપ છોડી જતા હોય છે. સંસ્કારી સંતાનો તેમની વાત કરવાની ઢબ, તેમનું

વર્તન, આદર કરવાની શૈલી બધી બાબતોમાં અલગ તરી આવતા હોય છે. પોતાના સંતાનોને સંસ્કાર સિવાય તમામ સુખ સગવડ આપનારમા-બાપ પાછલી ઉંમરે પોતાના જ ઘરમાં ઉપેક્ષાનું પાત્ર બને છે. મા-બાપનીશીખામણો ટક ટક સાબિત થાય છે. મા-બાપની હાજરી માત્રથી ઘરમાં દેકારો મચે છે. તેમની અલગ રૂમમાં વ્યવસ્થા કરોની માંગ ઊઠે છે. ઘરડા મા- બાપ એ કુટુંબની સંપત્તિછે. એ વિચાર તેમને મળ્યો નથી. પરિણામે મા-બાપે ઘણી યાતનાઓ સહન કરવી પડે છે.

દુઃખ, સંકટો, આપત્તિઓ અને મુશ્કેલીઓ માણસ પર આવે જ. તેનાથી મોં ફેરવી લેવાથી કાંઈ ન વળે. દરેક મુશ્કેલી એક નવી વાત શીખવીને જતી હોય છે. સંતાનોને કાયમ દુઃખથી બચાવતા રહેવું એ સંતાનોને પાંગળા બનાવવા બરાબર છે. પાંગળા સંતાનો કઈ, કેવી અને શી પ્રગતિ કરે ? સંસ્કાર એ સંતાનોને મુશ્કેલી સમયે હિંમત હાર્યા વગર નીડરતાપૂર્વક કેવી રીતે સામનો કરવો તે શીખવે છે.

'તારું કામ હું નહિ કરું પણ ચોકકસ તારી સાથે છું.' એ વાત સંતાનોને કહેવાની રહી જાય છે. મા-બાપ શિક્ષણ પાછળ લખલૂટ ખર્ચ કરે છે. પરંતુ માત્ર શિક્ષણ મેળવેલા સંતાનો સંસ્કાર મેળવવાનું ચૂકી જાય છે. તેઓ ભણ્યા હોય પણ ગણ્યા ના હોય ત્યારે આ સંતાનો મા-બાપને ઘરડા ઘરનો રસ્તો દેખાડે છે.

શાળા મહાશાળાઓમાં સંસ્કાર અપાતા નથી ? એ વાત કદાચ સાચી હોય તો પણ સંસ્કારની મૂળ યુનિવર્સિટીતો કુટુંબ છે, ઘર છે. મા-બાપ એના વી.સી. છે. સાચા સંસ્કાર ઘરમાંથી જ મળે છે.

સંપૂણ સગવડયુકત મકાન બનાવવું સરળ છે. પરંતુ સંપૂર્ણ સંસ્કારી ઘર બનાવવું એટલું જ અઘરું છે.સંસ્કારી ઘરના સંતાનો તમામ અગવડતાને સગવડતામાં ફેરવી શકે છે. આવી પડેલા દુઃખોનો

સામનો કરવાની હિંમત કેળવે છે. "પ્રેમ કરૂણા અને સાહસ એમના જીવનમંત્રો હોય છે. સફળતાને કોઈ શોર્ટકટ નથી. એવું તેઓ માને છે. ફાધર્સ ડે કે મધર્સ ડે ઉજવવાના ન હોય તે તો સંસ્કારી સંતાનોના લોહીમાં વહેતા હોય છે.

**મિસરી**

હાથને ચીરો તો ગંગા
નીકળે
છેવટે તે વાત અફવા
નીકળે.

- santoshdevkar03@gmail.com

# ફાનસ એ ફાનસ છે, કયારે હોલવાય કહેવાય નહીં! માણસ એ માણસ છે, કયારે બદલાય કહેવાય નહીં!




**સાહિત્યવૃત્ત સંચય**

● કવિ ન્હાનાલાલે તેઓના પિતા દલપતરામના, નારાયણભાઈ દેસાઈએ તેઓના પિતા મહાદેવભાઈ દેસાઈના અને કવિ લાભશંકરે પોતાના પિતા જાદવજીના ચરિત્રલેખન દ્વારા જે પિતૃતર્પણનો ઉજળો રાહ આંક્યો છે; તે રાહ સાહિત્ય સર્જક ડૉ. કુમારપાળ દેસાઈએ અપનાવીને, તેઓના પિતાશ્રી અને સંસ્કાર તથા સંસ્કૃતિના શાશ્વત મૂલ્યોની અહર્નિશ માવજત કરનાર શબ્દ શિલ્પી અને ગુજરાતી સાહિત્યના મૂલ્યનિષ્ઠ વાર્તાકાર 'જયભિખ્ખુ' નાં ખમીર, ખુમારી અને ખાનદાનીનો અદ્‌ભૂત સાક્ષાત્કાર, તેઓના પિતાના જીવનકથા 'જીવતરની વાટે અક્ષરનો દીવો' આલેખીને કરાવ્યો છે. સંસ્કારી સમાજનું સબળ ઘડતર કરનાર સત્ત્વશીલ સાહિત્યકારોનાં આવાં જીવનચરિત્રો પણ એ ઘડતરને સુદૃઢ કરવામાં અને આગળ ધપાવવામાં મહત્ત્વનું - મૂલ્યનિષ્ઠ ગ્રંથનું પ્રકાશન ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય દ્વારા કરવામાં આવ્યું છે.

● ગુજરાતી સાહિત્ય પરિષદનું ૪૮મું અધિવેશન, ઈન્સ્ટિટયુટ ઑફ યુશ ડેવલોપમેન્ટ એન્ડ મુક્તજીવન સ્વામિબાપા આર્ટ્સ - કોમર્સ અને બીસીએ કૉલેજના સંયુક્ત યજમાનપદે, મુક્તજીવન સ્વામિબાપા આર્ટ્સ - કોમર્સ હોલ, કચ્છ યુનિ. સમે, મુન્દ્રા રોડ, ભૂજ (કચ્છ) ખાતે તારીખ ૨૫, ૨૬, ૨૭, ડિસેમ્બર-૨૦૧૫ના ત્રણ દિવસ માટે યોજાશે. અધિવેશનમાં ભાગ લેવા ઈચ્છતા પ્રતિનિધિઓએ ભોજન-ઉતારો શુલ્ક રૂા. ૩૦૦ અને પ્રતિનિધિ શુલ્ક રૂા. ૨૦૦ તા. ૧૫.૧૨.૨૦૧૫ સુધીમાં પરિષદ કાર્યાલયમાં ભરવાની રહેશે.

● ગઝલમાં લેખન, સંપાદન અને સંશોધન એમ ત્રણ પ્રકારે નિષ્ઠાથી કામગીરી બજાવનાર અને ગઝલનું એક મૂર્તિસ્વરુપ એવા જાણીતા ગઝલકાર રાજેશ વ્યાસ 'મિસ્કીન' ને એમના જન્મદિવસે તા. ૧૬.૧૦.૨૦૧૫ ના રોજ, અમદાવાદ મેનેજમેન્ટ એસોસીયેશનના એચ.ટી.પારેખ હોલમાં, ગુજરાતી ગઝલના પ્રતિષ્ઠિત એવોર્ડ, 'વલી ગુજરાતી ગઝલ એવોર્ડ' થી સન્માનિત કરવામાં આવ્યા. જેમાં સ્મૃતિચિહ્ન રૂપિયા એક લાખનો ચેક અને શાલ માન.મંત્રી શંકરભાઈ ચૌધરીના વરદ્ હસ્તે અર્પણ કરાયા. માન. મંત્રી અને ગઝલકાર કવિ 'મિસ્કીન'નું સ્વાગત ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહા દ્વારા કરવામાં આવ્યું. અન્ય મહાનુભાવોનું સ્વાગત અકાદમીના મહામાત્ર મનોજ ઓઝા, ડૉ. કનૈયાલાલ ભટ્ટ અને ડૉ. કિરીટ શુક્લ દ્વારા કરવામાં આવ્યું જયારે ભાગ્યેશ જહાએ 'મિસ્કીન'ની ગઝલોનાં વિવિધ પરિણામો પ્રગટાવ્યા અને ડૉ. નીતિન વડગામાએ કવિની ગઝલોની અભિવ્યક્તિના વિશેષો જણાવી, 'મિસ્કીન' ગઝલનું ઉત્પાદન નહીં, પરંતુ અનુષ્ઠાન કરે છે તેમ જણાવ્યું. આભારવિધિ લતાબહેન હિરાણીએ કરી અને આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન હરદ્વાર ગોસ્વામીએ કર્યું હતું.

● ગુજરાત સાહિત્ય અકાદમીના 'ઝવેરચંદ મેઘાણી, લોકસાહિત્ય કેન્દ્ર રાજકોટ' દ્વારા લોકસાહિત્યવિદ્ ડૉ. જોરાવરસિંહ જાદવને સંત મોરારિબાપુના વરદ્ હસ્તે ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય એવોર્ડ અને રૂા. એક લાખનો ચેક અર્પણ કરાયો. આ સમારોહમાં માન. શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને માન. મંત્રી નાનુભાઈ વાનાણી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સૌરાષ્ટ્ર યુનિ.ના કુલપતિ પ્રો. પ્રતાપસિહં ચૌહાણે કાર્યક્રમની ભૂમિકા બાંધીને લોકસાહિત્યકાર ભીખુદાન ગઢવીને પ્રાર્થના ગાન કર્યું. આભારવિધિ ધીરેન પંડ્યાએ કરી હતી. સમારોહ સંચાલન કલાધરભાઈ આર્યે કર્યું હતું.

સુરતની એમ.ટી.બી. આર્ટ્સ કૉલેજની 'જયંત પાઠક કવિતા પુરસ્કાર સમિતિ' તરફથી સને ૨૦૧૨-૧૩ ના વર્ષ દરમિયાન પ્રગટ થયેલા કાવ્યસંગ્રહોમાંથી નિર્ણાયક તજજ્ઞો ડૉ. સતીશ વ્યાસ અને બકુલેશ દેસાઈ દ્વારા, કવિ મનોહર ત્રિવેદીના કાવ્યસંગ્રહ 'વેળા'ને પુરસ્કાર આપવાનું નક્કી કરવામાં આવ્યું છે.

● સાક્ષરભૂમિ નડિયાદની અગ્રણિ સાહત્યિક, શૈક્ષણિક અને સાંસ્કૃતિક સંસ્થા હ્યુમન સોસાયટી ઑફ ઈન્ડિયા દ્વારા કવિ ગુણવંત ઉપાધ્યાયને 'રસકવિ રઘુનાથ ભટ્ટ એવોર્ડ' આપવાની જાહેરાત કરવામાં આવી

**સાહિત્ય સભાનું ગૌરવ**

તા. ૨૫.૧૦.૨૦૧૫ના રોજ ગાંધીનગર ખાતે, ઉર્દૂના પ્રસિદ્ધ શાયર અનવર જલાલપુરી સાહેબ રચિત બહુચર્ચિત ગ્રંથ 'ઉર્દૂ શાયરી મેં ગીતા'નો; આજીવન શિક્ષિકા અને ગાંધીનગર સાહિત્ય સભાના આજીવન સભ્ય કુન્દનબહેન દવે દ્વારા કરાયેલ પદ્યાનુવાદ 'આસ્વાદ' ગ્રંથનો લોકાર્પણ સમારોહ યોજાઈ ગયો, જે ગાંધીનગર સાહિત્યસભા અને નગર માટે એક ગૌરવપૂર્ણ બાબત છે. આ ગ્રંથનું વિમોચન અને લોકાર્પણ પ.પૂ. મહંત ધોળેશ્વર મહાદેવના કરકમળથી થયું અને અતિથિવિશેષ તરીકે શાયર અનવર જલાલપુરી ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પુલક ત્રિવેદીએ કર્યું હતું. ગાંધીનગર સાહિત્ય સભા પરિવાર તરફથી કુન્દનબહેન દવેને અંતરના ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ.

**દધિ મુક્તક**

**ફાનસ એ ફાનસ છે,**
**કયારે હોલવાય કહેવાય નહીં!**
**માણસ એ માણસ છે,**
**કયારે બદલાય કહેવાય નહીં!**

**દધિ બિંદુ**

**ઘોડાના હણહણાટ તરફ**
**ન જોતા, તેનો તરવરાટ**
**થનગનાટ અને સ્વામી**
**માટેની જાનફેસાનીને**
**જીવનમાં ઉજાગર કરીએ.**

- muljibhaidadhi@gmail.com